નવસારીમાં સ્ટ્રીટલાઇટ મેઇન્ટેનન્સ, AI વર્ક માટે કન્સલ્ટન્ટ નિમણૂક તેમજ ESR ટાંકી બનાવવાનો પ્રસ્તાવ

# સામાન્ય સભા ૧૦ જ મિનિટ ચાલી

**માર્કેટ** સ્થળાંતરથી લઈને શાળા, વાહનો, સ્ટ્રીટલાઈટ અને પાણીના કામોને બહાલી

**શાળામાં** શિક્ષકોની ભરતી અને ૧૫ વર્ષ જૂના વાહનોના નિકાલનો માર્ગ મોકળો




### ગ્લો ગાર્ડનની ટિકિટના પ્રસ્તાવ પર હાલ પૂરતો વિરામ

સૌથી વધુ ધ્યાન ખેંચનાર મુદ્દો ગ્લો ગાર્ડન અને મ્યુઝિકલ ફાઉન્ટેન માટે પ્રવેશ ટિકિટ વસૂલવાનો હતો. મનપા સંચાલિત આ સ્થળે મુલાકાતીઓ પાસેથી પ્રવેશ ફી વસૂલવાના પ્રસ્તાવને લઈને અગાઉથી જ વિરોધના સૂર ઉઠ્યા હતા. એજન્ડામાં ક્રમ નંબર-૪ તરીકે સામેલ આ પ્રસ્તાવ અંગે નિર્ણય લેવાને બદલે તેને હાલ પૂરતો મુલતવી રાખવામાં આવ્યો છે. પરિણામે ગ્લો ગાર્ડનની ટિકિટનો મુદ્દો હાલ પૂરતો અટક્યો છે, પરંતુ આગામી સમયમાં આ અંગે મનપા ફરી શું નિર્ણય લે છે તે મહત્વનું રહેશે.

### ચર્ચા વિના એજન્ડા ઝડપથી પૂર્ણ

સામાન્ય સભામાં વિવિધ મહત્વના કામો રજૂ થયા હોવા છતાં તેની પર લાંબી ચર્ચા કે વિગતવાર વિચારવિમર્શ થયો ન હતો. એજન્ડા પરના કામોને મંજૂરી આપ્યા બાદ અંદાજે ૧૦ મિનિટમાં જ બેઠક પૂર્ણ કરી દેવામાં આવી હતી. જેના કારણે સામાન્ય સભાની કાર્યવાહી અને તેમાં થતી ચર્ચાને લઈને પણ ચર્ચા શરૂ થઈ છે.

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની સામાન્ય સભા બુધવારે મેયરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. શહેરના વિકાસ અને વહીવટી કામગીરી સાથે જોડાયેલા અનેક કામો એજન્ડા પર મૂકવામાં આવ્યા હતા અને તેમાંના મોટાભાગના કામોને મંજૂરી આપવામાં આવી હતી. જોકે, સમગ્ર બેઠક માત્ર આશરે ૧૦ મિનિટમાં પૂર્ણ થતાં સામાન્ય સભાની કાર્યવાહી ચર્ચાનો વિષય બની હતી.

બેઠકમાં અગાઉની સામાન્ય સભાના ઠરાવોને બહાલી આપ્યા બાદ ગૌરીશંકર મહોલ્લા ખાતે આવેલી શાકભાજી માર્કેટને અન્ય વૈકલ્પિક સ્થળે ખસેડવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ અંગ્રેજી માધ્યમની શાળામાં શિક્ષકોની ભરતીનો માર્ગ પણ મોકળો કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાના ૧૫ વર્ષથી વધુ જૂના વાહનોને રદબાતલ કરી તેના નિકાલ માટે નવી કાર્યપદ્ધતિ અમલમાં મૂકવાના પ્રસ્તાવને પણ બહાલી મળી હતી. શહેરની સ્ટ્રીટલાઈટ મેઈન્ટેનન્સ કામગીરી, SITC વર્ક, સિટી મેનેજમેન્ટ સિસ્ટમ તેમજ AI વર્ક માટે કન્સલ્ટન્ટની નિમણૂકના કામને મંજૂરી આપવામાં આવી હતી. નવનિર્મિત ટાઉન હોલના ભાડાના દર નક્કી કરવા અંગેનો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સિલોટવાડ વોટર વર્ક્સ ખાતેની જૂની પાણીની ટાંકી ડિમોલિશન કરી ૧૩.૫ લાખ લીટર ક્ષમતાની નવી ESR ટાંકી માટે સ્થળ ફેરફારના કામને પણ મંજૂરી અપાઈ હતી.

# ભાડા વિધેયક સામે નવસારી-વલસાડના વકીલોનો 'વિરામ'!

**૩૦ સપ્ટેમ્બરથી** ૩ ઓક્ટોબર સુધી અદાલતી કામકાજથી અલિપ્ત રહેવાનો નિર્ણય



નવસારી, વલસાડ : ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા 'ગુજરાત ભાડા વિધેયક, ૨૦૨૬'ની જોગવાઈઓ સામે નવસારી-વલસાડના વકીલોમાં અસંતોષ જોવા મળ્યો છે. નવા કાયદાની કેટલીક જોગવાઈઓ સામાન્ય નાગરિકો તેમજ વકીલો માટે મુશ્કેલીરૂપ બની શકે તેવી રજૂઆત સાથે બાર એસોસિએશને વિરોધ નોંધાવ્યો છે. તેઓ ત્રણ દિવસ કામથી અલિપ્ત રહેશે.

આ મુદ્દે બાર એસોસિએશનની કારોબારીમાં વિધેયકની વિવિધ જોગવાઈઓ અંગે સુધારા-વધારા કરવાની માંગ સાથે રાજ્યવ્યાપી વિરોધને સમર્થન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એસોસિએશને ૩૦ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી અદાલતી કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો છે.

આ સાથે વકીલો તથા પક્ષકારોની ગેરહાજરીને કારણે કોઈ કેસમાં એકતરફી હુકમ ન થાય, ગેરહાજરી દરગુજર કરવામાં આવે તથા કોઈ પક્ષકાર સામે વોરંટ કે નોટિસ જારી ન કરવામાં આવે તે માટે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆત બાદ વકીલોએ મુખ્ય ગેટ બંધ કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. વિધેયકમાં ફેરફારો કરવાની માંગ સાથે સરકારનું ધ્યાન દોર્યું હતું. નવસારી કોર્ટ પરિસરમાં થયેલા આ વિરોધને પગલે ભારે ગરમાવો આવ્યો હતો.

### ચીખલીના રૂમલા ગામમાંથી ત્રણ વર્ષીય દીપડો પાંજરે પુરાયો



ઘેજ : ચીખલી તાલુકાના રૂમલા ગામે નિલેશ દેશમુખના ખેતરમાં દીપડો દેખાતા બનાવ અંગેની જાણ ચીખલી વન વિભાગને કરવામાં આવી હતી. જેને પગલે જરૂરી તપાસ કરી રૂમલા ચિરપાડા ફળીયા ખાતે આવેલી નિલેશ દેશમુખની વાડીમાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. દરમ્યાન ૨૯-સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે શિકારની શોધમાં આવી ચઢેલો એક દીપડો (ઉ. ૩) પાંજરે પુરાતા વન વિભાગ દ્વારા કબ્જો લઈ વેટરનરી ડોક્ટર પાસે જરૂરી તપાસ કરાવી વાંસદા નેશનલ પાર્કમાં સલામત સ્થળે છોડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

પાણીની નિયમિત સુવિધા ઉપલબ્ધ ન થતાં સ્થાનિકોને ભારે હાલાકી

# નવસારીમાં છ મહિનાથી પાણી માટે વલખાં!

**વોર્ડ** નં. ૪માં મિશ્ર શાળા નં. ૩ પાસે પીવાનું પાણી ન મળતાં કોર્પોરેટરની મનપા કમિશનરને રજૂઆત

**ટેન્કરથી** તાત્કાલિક પાણી પહોંચાડવા અને કાયમી ઉકેલની માંગ

### મનપા કચેરીના પટાંગણમાં ધરણાની ચીમકી

રજૂઆતમાં સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે જો પ્રજાની મૂળભૂત જરૂરિયાત ગણાતી પાણીની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે મનપા કચેરીના પટાંગણમાં ધરણા કરવાની ફરજ પડશે. લાંબા સમયથી ચાલતી પાણીની સમસ્યાને લઈને હવે મનપા તંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર સ્થાનિકોની નજર છે.

નવસારી : નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪માં મિશ્ર શાળા નં. ૩ પાસે છેલ્લા પાંચથી છ મહિનાથી પીવાના પાણીની સમસ્યા સર્જાઈ હોવાની રજૂઆત સામે આવી છે. લાંબા સમયથી પાણીની નિયમિત સુવિધા ઉપલબ્ધ ન થતાં સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૪ના કોર્પોરેટર પ્રભા નરેશકુમાર વલસાડિયા દ્વારા મનપા કમિશનરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પાણી પુરવઠો શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆત મુજબ પાણીની અછતને કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત સ્થાનિક રહેવાસીઓને પીવાનું પાણી મેળવવા માટે દૂર સુધી ભટકવાની ફરજ પડી રહી છે.

કોર્પોરેટરે માંગ કરી છે કે મિશ્ર શાળા નં. ૩ પાસે નિયમિત પીવાના પાણીનો પુરવઠો તાત્કાલિક શરૂ કરવામાં આવે અને સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે. ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ટેન્કર મારફતે પાણી પૂરું પાડવામાં આવે, જેથી સ્થાનિકોને વધુ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

આહવામાં બિલ્ડિંગનું ઉદ્ઘાટન થયાને ત્રણ વર્ષ છતાં જિલ્લા કોર્ટ શરૂ થઇ નથી

# કોર્ટના કામ માટે ડાંગના લોકોને 180 કિ.મી. દૂર નવસારીનો ધક્કો

**આહવા** ખાતે જ જિલ્લા કોર્ટ શરૂ કરવા બાર એસોસિએશનનો ઠરાવ



સાપુતારા : આહવા ખાતે જિલ્લા કક્ષાની કચેરીઓ કાર્યરત હોવા છતાં જિલ્લા કોર્ટની કામગીરી હજુ સુધી શરૂ ન થતા કાનૂની કામકાજ માટે અસીલો તથા પક્ષકારોને આહવાથી 180 કિલોમીટર નવસારી જવુ પડતુ હોવાનું બાર એસોસિએશને જણાવ્યું છે

આહવા બાર એસોસિએશન દ્વારા આહવામાં જિલ્લા કોર્ટ શરૂ કરવાની માંગણી સાથે ઠરાવ કરવામાં આવ્યો છે. 23મી ઓગસ્ટ, 2023નાં રોજ આહવા ખાતે કુલ કોર્ટ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. જોકે, કોર્ટની સંપૂર્ણ કામગીરી શરૂ થઈ ન હોવાનો બાર એસોસિએશન દ્વારા મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. જિલ્લા કક્ષાના કેસો નવસારી ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હોવાનો પણ ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આહવા ખાતે કુલ કોર્ટ બિલ્ડિંગ તૈયાર હોવા છતાં જિલ્લા કોર્ટની સંપૂર્ણ કામગીરી અન્યત્રથી ચલાવવાની સ્થિતિ દૂર કરી આહવા ખાતે જ જિલ્લા કોર્ટ શરૂ કરવાની બાર એસોસિએશનની માંગણી છે. આહવા ખાતે જિલ્લા કોર્ટ શરૂ થવાથી ડાંગના નાગરિકોને રાહત મળશે.

# આલીપોર હાઈવેની હોટલ પર જીએસટીના દરોડા

**ગત** સાંજે શરૂ થયેલી જીએસટી વિભાગની તપાસ દિવસભર ચાલુ રહી

**બિલ** અને દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કરાઈ, કરચોરી કરતા ધંધાર્થીઓમાં ફફડાટ

ઘેજ : ચીખલી નજીકના આલીપોર વિસ્તારમાં હાઈવે પર આવેલી એક હોટલમાં જીએસટી વિભાગે દરોડા પાડી તપાસ હાથ ધરતા જીએસટીની ચોરી કરનારા ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ આલીપોર વિસ્તારમાં હાઈવેની એક હોટેલમાં ગત સાંજેથી જ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડી બીલોની ચકાસણી હાથ ધરી તપાસ હાથ ધરવામાં આવી હતી અને જે તપાસ આજે દિવસભર પણ ચાલુ જ રહી હતી. જો કે ખરેખર આ હોટલમાં જીએસટીની ચોરી કે કેટલી રકમની ગેરરીતી કરવામાં આવી છે તે હકીકત જાણી શકાય ન હતી અને આ જીએસટીના દરોડાને પગલે ચીખલી વિસ્તારમાં જીએસટીની ચોરી કરી સરકારને ચૂનો લગાવતા તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. જીએસટી વિભાગના અધિકારીઓ દ્વારા ચીખલીની હોટલોમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો અન્ય પણ ઘણી હોટલોમાં પણ જીએસટીની ચોરી હકિકત બહાર આવે તેમ છે. જે હોટેલમાં હાલે જીએસટીના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે તે હકીકત તપાસ પૂર્ણ થયા બાદ જ બહાર આવશે.

# વાપી GIDCની કંપનીમાં ગેસ લીકેજથી દોડધામ મચી

**ટેન્કરમાંથી** પ્રવાહી ખાલી કરતી વખતે ગેસ ગળતર થતાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા



વાપી : વાપી જીઆઈડીસી સ્થિત ભગરીયા કંપનીમાં ટેન્કરમાંથી ટાંકીમાં કેમિકલ પ્રવાહી ખાલી કરતી વખતે ગેસ લીકેજ થવો હતો. કેમિકલ જેવા પ્રવાહીને ટેન્કરમાંથી ટાંકીમાં ટ્રાન્સફર કરતા ગેસ ગળતર થતાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. આ ધુમાડાના કારણે કામદારોને શ્વાસ લેવામાં તકલીફ થતા ભાગવા લાગ્યા હતા.

ટેન્કરમાંથી કેમિકલ પ્રવાહીને ટાંકીમાં ખાલી કરતી વખતે ગેસ લીકેજનો આ બનાવ બન્યો તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી. જોકે, કામદારોએ સમયસર અંતર જાળવી લેતાં કોઈ જાનહાનિ થઈ નથી. આ બનાવની જાણ થતાં જ વાપી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ની ટીમ તાત્કાલિક ભગરીયા કંપની ખાતે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. આ અંગે વાપી GPCBના પ્રાદેશિક અધિકારી એ.જી. પટેલે જણાવ્યું હતું કે, ઘટના અંગે જાણ થતાં જ જીપીસીબીની ટીમને સ્થળ પર તપાસ અર્થે મોકલવામાં આવી હતી. તપાસની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આ એકમને નિયમાનુસાર નોટિસ પાઠવવામાં આવી છે.

# વાપી મનપાના સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી યુવતીનું મોત

**NCC** કેડેટના ગ્રુપને તરવાની ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી ત્યારે દમણની યુવતી ડૂબી ગઈ

**અન્ય** યુવતીઓએ તેને પાણીમાંથી બહાર કાઢી બચાવવાના પ્રયાસો કર્યા હતા

વાપી : વાપી મહાનગરપાલિકા સંચાલિત ચલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના સ્વિમિંગ પુલમાં બુધવારે સાંજે આશરે 7 વાગ્યે NCC કેડેટના ગ્રુપને તરવાની ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી. તે દરમિયાન, દમણ ડીમાર્ટ પાસે રહેતી 18 વર્ષીય અંશુસિંગ અચાનક ઊંડા પાણીમાં જતી રહી હતી અને ડૂબી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ તેની સાથે સ્વિમિંગ શીખવા આવેલી અન્ય યુવતીઓ અને સાથીદારોએ તેને ત્વરિત પાણીમાંથી બહાર કાઢી હતી. ત્યારબાદ, તેના શરીરમાં ભરાયેલું પાણી બહાર કાઢવાના પ્રાથમિક પ્રયાસો કરવામાં આવ્યા હતા. યુવતીને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ ફરજ પરના તબીબે તપાસ કરીને તેને મૃત જાહેર કરી હતી.

દુર્ઘટનાની માહિતી મળતા જ વાપી મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના અધિકારીઓ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે દોડી આવ્યા હતા. અધિકારીઓએ સીસીટીવી ફૂટેજ મેળવીને ઘટના સમયે હાજર કોચ અને અન્ય યુવતીઓની પૂછપરછ હાથ ધરી છે. યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ચલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર મા અંગે વાપી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરી છે. આ યુવતી કયા સંજોગોમાં ઊંડા પાણીમાં ગઈ અને બનાવ કેવી રીતે બન્યો તે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

# 'બાહુબલી' નવસારીના યુવાને ખભે બાઈક ઊંચકી

**લાઈક્સ**-વ્યૂઝની લ્હાયમાં જાહેર માર્ગ પર જોખમી ખેલ ખેલનાર યુવાનની ધરપકડ



નવસારી : નવસારી શહેરમાં એક યુવક રેલવે ઓવરબ્રિજ પર આખી મોટરસાયકલ ખભા પર ઊંચકીને સ્ટંટ કરતો જોવા મળ્યો હતો. વીડિયો સામે આવ્યા બાદ પોલીસ ગણતરીના કલાકોમાં જ યુવક સુધી પહોંચી ગઈ હતી.

વાયરલ વીડિયોમાં યુવક મોટરસાયકલને ખભા પર ઊંચકીને ઓવરબ્રિજ પર સ્ટંટ કરતો નજરે પડે છે. તેની આસપાસ કેટલાક અન્ય યુવકો પણ હાજર હોવાનું વીડિયોમાં જોવા મળે છે. સમગ્ર ઘટનાને કેમેરામાં કેદ કરી સોશિયલ મીડિયા પર મૂકવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. જાહેર રસ્તા પર આ પ્રકારની હરકતથી માત્ર સ્ટંટ કરનાર જ નહીં, પરંતુ ત્યાંથી પસાર થતા અન્ય વાહનચાલકો માટે પણ જોખમ ઊભું થઈ શકે છે.

વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો થતાં પોલીસનું ધ્યાન પણ આ તરફ ગયું હતું. પોલીસે વીડિયોના આધારે તપાસ હાથ ધરી સંડોવાયેલા યુવકોની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. તપાસ બાદ ૨૪ કલાકની અંદર પોલીસે યુવકોની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

આ ઘટનાએ ફરી એકવાર સોશિયલ મીડિયા રીલના નામે જાહેર માર્ગો પર થતા જોખમી સ્ટંટનો મુદ્દો ઉઠાવ્યો છે. ક્ષણિક લાઈક્સ અને વ્યૂઝ માટે કરવામાં આવતી આવી હરકતો ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.





